ડાયરેક્ટર, ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી,
૩જો માળ, શ્રમભવન, ગનહાઉસની બાજુમાં, રૂસ્તમ કામા માર્ગ, ખાનપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧
ફોન નંબર-૦૭૯-૨૫૫૦૨૩૪૬-૪૭-૪૯-૫૬-૬૪, ફેક્સ નંબર -૦૭૯-૨૫૫૦૨૩૫૭.
ઇ-મેઇલ આઇ.ડી:- **dish-ahd@gujarat.gov.in**

ક્રમાંક- ડીસ/આઈ.ટી/૨૦૨૬/૧૧-૩ ૫૧૧૯૯૬ તારીખ-૧૩/૧૦/૨૦૨૬

પ્રતિ,
સંયુકત નિયામક,
ઔધોગિક, સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય:- ફી સુધારણા અંગે જાગૃત્તતા**

ડાયરેક્ટર, ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ કચેરી દ્વારા કારખાના માટે ન્યુ લાયસન્સ, રીન્યુ લાયસન્સ, લાયસન્સ અમેન્ડમેન્ડની પ્રકીયા હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ સુધી ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ અને તે અંતર્ગત ગુજરાત કારખાના નિયમ, ૧૯૬૩ મુજબ લાયસન્સ ફી આકરવામાં આવતી હતી.પરંતુ ૨૦૨૬થી ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિસન્સ કોડ,૨૦૨૦ અને તે અંતર્ગતના નિયમો લાગુ થયેલ હોવાથી ફીની આકરણી નવા કોડ મુજબ કરવામાં આવશે.

- ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ કોડ,૨૦૨૦ મુજબ નીચે પ્રમાણે ફી ભરવા બાબત

1. ૨૦૨૫ પછીના કોઇ પણ ન્યુ લાયસન્સ, રીન્યુ લાયસન્સ, લાયસન્સ અમેન્ડમેન્ડ માટે ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ કોડ,૨૦૨૦ અને તે અંતર્ગતના નિયમો મુજબ ફી ભરવાની રહેશે.

2. જે કારખાનાના લાયસન્સની અવધી ૨૦૨૫ પછીના વર્ષની છે અને ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ અને તે અંતર્ગત ગુજરાત કારખાના નિયમ, ૧૯૬૩ અંતર્ગત લાયસન્સ ફી ભરેલ છે તે કારખાનાના કબ્જેદારો દ્વારા નવા કોડ અને તે અંતર્ગતના નિયમો મુજબ ફીનો તફાવત https://dish.gujarat.gov.in – PUBLIC USER LOGIN - FEE DIFERENCE માં જઇને ભરવાની રહેશે. સદર્હુ તફાવત ફી તા:-૩૧/૧૦/૨૦૨૬ સુધીમાં ભરવાની રહેશે અન્યતથા જે તે વર્ષની તફાવત ફી ઉપરાંત ૨૫% પેનલ્ટી(તફાવત ફીની) ભરવાની રહેશે. જેની નોંધ લેવી.

ઉકત દર્શાવેલ ફી સુધારણાના નિયમો સંયુકત નિયામકશ્રીએ તેમની કક્ષાએથી તેમના તાબા હેઠળની કચેરીને જાણ તથા લાગુ કરાવાના રહેશે.

P.M.Shah
ડાયરેક્ટર
ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી,
ગુજરાત રાજ્ય, અમદાવાદ

Scanned with OKEN Scanner